**અમદાવાદનાં મે.અધિકસત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં,**
**(અદાલત નં. ૧૦)**

**ફોજદારી પરચુરણ અરજી નંબર–૫૨૮૧/૨૦૨૬**

| | |
|---|---|
| અરજદારઃ– | જયસિંગ સ/ઓ લાલસિંગ લૌરેસિંગ રાજપુત<br>ઉ.વ.આ.–૪૪, ધંધો–છુટક મજુરી<br>રહે.–મ.નં.–૪૭, દ્વારકાધીશનગર અંકુર સ્કુલની સામે, અમરાઈવાડી, અમદાવાદ.<br>મુળ વતનઃ ગાવ–હિંડોન સીટી. તા.જી.–જયપુર, રાજસ્થાન |
| **વિરૂદ્ધ** | |
| સામાવાળાઃ– | શ્રી સરકાર |

**અરજદાર તરફેઃ વિ.વ.શ્રી જે.જી.પરમાર**
**સામાવાળા તરફેઃ વિ.એ.પી.પી.શ્રી સી.આર.ખત્રી**

**બાબતઃ– બી.એન.એસ.એસ. કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી**

**–:: આંક–૧ નીચે હૂકમ ::–**

1. અરજદારે હાલની અરજી પોતાની માલીકીન ફોન વીવો કંપનીનો વાય૨૧ટી/૧૨૮જીબી, IMEI No.–86111051396096 છે તેના મૂળ માલીક હાલના અરજદાર હોય તે વચગાળાના જામીન પર પરત મેળવવા હાલની અરજી કરેલ છે.
2. અરજીની તથા અરજદારના વિ.વ.શ્રીની દલીલની ટૂંક હકીકત એવી છે કે, ઉપરોક્ત મુદ્દામાલ સે.કે.નં.–૨૧૪/૨૦૨૬, ખોખરા પોલીસ સ્ટેશન, ગુ.ર.નં.–૧૧૧૯૧૦૦૩૨૬૦૧૮૨/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૨૩૮(બી), ૨૯૬(બી) મુજબના ગુનાના કામે હાલના અરજદાર પાસેથી જપ્ત કરેલ છે અને તે હાલના અરજદારની માલીકીનો છે. સદરહુ મુદ્દામાલ અરજદારને રોજ બરોજ ઉપયોગમાં આવતો હોય, તેઓને પોતાના ધંધા રોજગાર માટે અગવડતા ઉભી થતી હોય અને પ્રાથમિક જરૂરિયાત હોય, જે પોલીસ સ્ટેશનમાં ઘણા લાંબા સમયથી પડી રહેલ છે અને તેના પાર્ટસ તથા

એસેસરીજને નુકશાન જાય તેમ છે. આ સંજોગોમાં અરજદારને યોગ્ય રકમ અને શરતોને આધિન મુદ્દામાલ વચગાળાના જામીન ઉપર સોંપવા અરજ કરેલ છે.

3. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીને અરજી બાબતે સાંભળ્યા. વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલોની ટૂંક હકીકત એવી છે કે, સદરહુ મુદ્દામાલ આરોપી દ્વારા ગંભીર ગુનામાં વાપરેલ છે અને અગત્યનો પુરાવો હોય, મુદ્દામાલ વચગાળાના જામીન ઉપર નહી છોડવા અરજ કરેલ છે.

4. ત્યારબાદ આંક-૦૫ થી ત.ક.અ.નો રીપોર્ટ ધ્યાને લીધો.

5. ઉપરોક્ત બન્ને પક્ષકારોની રજૂઆત તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં સદરહુ મુદ્દામાલ અંગે અરજદાર/આરોપીએ બીલની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. અરજી સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા મુદ્દામાલ અરજદારની માલીકીનો છે. વધુમાં આ મુદ્દામાલ જે ગુનાના કામે જપ્ત કરવામાં આવેલ છે તે ગુનાની ચાર્જશીટ કોર્ટમાં દાખલ થઈ ગયેલ છે અને જેની ટ્રાયલ આ અદાલત સમક્ષ ચાલું છે. આ સંજોગોમાં સદરહુ મુદ્દામાલ સંબંધે તમામ તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને તેને ટ્રાયલ ચાલે ત્યાં સુધી બીન વપરાશી પોલીસ સ્ટેશનમાં મુકી રાખવાનો કોઈ ન્યાયિક હેતું સરતો નથી. આ સંજોગોમાં **નામ. સુપ્રીમ કોર્ટ** દ્વારા તેના ચુકાદા **સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય, ૨૦૦૩-૦ એઆઈઆર (સુપ્રીમ કોર્ટ-૬૩૮)** ના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈને હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય, નીચે મુજબનો હૂકમ કરવામાં આવે છે.

## //હૂકમ//

(1) હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ-૪૯૭ /ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૫૧ અન્વયે **મંજુર** કરવામાં આવે છે.

(2) આ કામના અરજદારે સે.કે.નં.-૨૧૪/૨૦૨૬, ખોખરા પોલીસ સ્ટેશન, ગુ.ર.નં.-૧૧૧૯૧૦૦૩૨૬૦૧૮૨/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ-૧૦૯(૧), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૨૩૮(બી), ૨૯૬(બી) મુજબના ગુનાના કામે જપ્ત થયેલ મુદ્દામાલ ફોન વીવો કંપનીનો વાય૨૧ટી/૧૨૮જીબી, IMEI No.- 86111051396096 છે તે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા જાતમુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાના જામીન ઉપર પરત કરવામાં આવે છે.

શરતોઃ-

1. અરજદારે કોર્ટની પૂર્વમંજુરી સીવાય મુદ્દામાલ અન્ય કોઈને વહેંચાણ, ગીરો કે બક્ષીસ કરવો નહી.
2. ચાલું ટ્રાયલ દરમ્યાન અદાલત જ્યારે પણ ફરમાવે ત્યારે મુદ્દામાલ યથાવત સ્થિતિમાં રજૂ કરવાનો રહેશે.
3. મુદ્દામાલની સોંપણી કરતા પહેલાં સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીએ મુદ્દામાલના બે કલર ફોટોગ્રાફ્સ લઈને યોગ્ય પંચનામું કરીને આ અદાલત સમક્ષ રજૂ કરવાનું રહેશે.
4. અરજદારે હૂકમ મુજબના જામીન અને જાતમુચરકા અદાલત સમક્ષ રજૂ કરવા.
5. જામીન રજૂ થયેથી સંબંધિત પોલીસ સ્ટેશનને આ હૂકમની જાણ કરતી યાદી કરવી.

આ હૂકમ આજરોજ તારીખ **૩૧,** માહે **જુલાઈ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**(વિશાલ.વી.શાહ)**
**અધિક સત્ર ન્યાયાધિશ,અદાલત નં.-૧૦.**
**સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ,**
**અમદાવાદ શહેર**
**(યુનિક આઈ.ડી. કોડ નં.-જીજે૦૦૭૧૯)**

**તા.-૩૧/૦૭/૨૦૨૬**
**અમદાવાદ.**

*HGJ*